# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-03-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## પી.એમ. સાઉદી બેહરીન:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈ કાલે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી મોહમ્મદ બિન સલમાન સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. શ્રી મોદીએ સાઉદી અરેબિયા પર થયેલા તાજેતરના હુમલાઓની નિંદા કરી, તેમને તેની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન ગણાવ્યું. શ્રી મોદીએ બહેરીનના રાજા હમાદ બિન ઇસા અલ ખલીફા સાથે પણ ટેલિફોનિક વાતચીત કરી. બહેરીન પરના હુમલાઓની નિંદા કરતા શ્રી મોદીએ કહ્યું કે ભારત આ મુશ્કેલ સમયમાં તેના લોકો સાથે એકતામાં ઉભું છે. તેમણે દેશમાં ભારતીય સમુદાયને આપવામાં આવેલા સમર્થન બદલ બહેરીનના રાજાનો આભાર માન્યો હતો.**

**--------------------------------------------------------------------------------------------**

## સી.એમ. વૈદિક હોળી :

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માનવમંદિર ખાતે વૈદિક હોળીના દર્શન-પરિક્રમા કરી રાજ્યના નાગરિકોની સુખાકારી, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી. આ વર્ષે મેમનગરમાં માનવમંદિર ખાતે પર્યાવરણના જતનનો સંદેશ આપતી 'વૈદિક હોળી' પ્રગટાવવામા આવી હતી. ગઈ કાલે હોળી દર્શન બાદ મુખ્યમંત્રીએ પ્રખ્યાત માનવમંદિરની મુલાકાત લઈને કહ્યું હતું કે હોળીનું આ પવિત્ર પર્વ અસત્ય પર સત્યના વિજયનું અને રંગોનું પર્વ છે. આ તહેવાર આપણા સૌના જીવનમાં રાગ-દ્વેષ ભૂલીને એકબીજાને સ્નેહથી મળવાનો અને સામાજિક સમરસતાનો સંદેશ આપે છે. આપણે સૌ સાથે મળીને આ રંગોત્સવને એવી રીતે ઉજવીએ કે જેનાથી**

**પર્યાવરણનું પણ જતન થાય. વૈદિક હોળી પ્રગટાવીને અહીં પર્યાવરણ પ્રત્યે જે જાગૃતિ દર્શાવવામાં આવી છે તે પ્રશંસનીય છે.**

**---------------------------------------------------------------------------------------------------**

## ધૂળેટી ચંદ્રગ્રહણ :

**આજે ભાદરવી પૂનમના વર્ષ 2026નું પ્રથમ ખગ્રાસ ચંદ્ર ગ્રહણ થશે ખગ્રાસ એટલે કે પૂર્ણ ચંદ્ર ગ્રહણની અવધિ એકંદરે પોણા છ કલાકની રહેશે. પરંતુ ભારતના જુદા જુદા ભાગોમાં તે અલગ અલગ સમયે જોઈ શકાશે. ગ્રહણનો આરંભ બપોરે સવા બે વાગ્યા આસપાસ થશે. અને પોણા આઠ વાગ્યા લગભગ પૂરું થશે. દેશના ઉતર પૂર્વીય રાજ્યો માં તે વધુ સમય રહેશે. જ્યારે ગુજરાત સહિત પશ્ચિમના રાજ્યોમાં ચંદ્રોદય પછી થોડો સમય જોઈ શકાશે. દરમ્યાન ચંદ્રગ્રહણને કારણે હોળી પર્વની ગઈકાલે ઉજવણી કરવામાં આવી હતી. પરંતુ ધૂળેટી પર્વ આવતીકાલ ઉજવાશે જો કે કેટલાક દેવ મંદિરોમાં આજે ફૂલ ડોલ ઉત્સવ ઊજવાશે.**

**---------------------------------------------------------------------------------------------------**

## મરીન ટાસ્ક :

મરીન ટાસ્ક ફોર્સ દ્વારા અબડાસાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઇવ સિંધોડી બીચ, શિયાળબારી અને સૈયદ સુલેમાન ખાતે હાથ ધરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સહાયક પોલીસ મહાનિર્દેશક અમિત વિશ્વકર્મા, પોલીસ મહાનિરીક્ષક પી. એલ. માલ અને પોલીસ અધિક્ષક એસ. જે. પરમારના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતના દરિયાકાંઠે તકેદારીના ભાગરૂપે આવી ડ્રાઇવ યોજવા સૂચના અપાઈ હતી.

**---------------------------------------------------------------------------------------------------**

## ભારત રેલ :

ભુજ અમદાવાદ વચ્ચે દોડતી દેશની સૌપ્રથમ નમો ભારત રેપીડ રેલ સુપરફાસ્ટ ટ્રેન પ્રવાસીઓની પ્રથમ પસંદગી બની રહી છે. રેલવેના સત્તાવાર સાધનો પાસેથી મળતી વિગતો મુજબ આ ટ્રેન આજથી મેન્ટેનન્સમાં જવાની હોવાથી રેલ્વે દ્વારા એસી ટ્રેનના બદલે મેમુ ટ્રેન (મેઈન લાઇન ઇલેક્ટ્રિકલ મલ્ટીપલ યુનિટ) દોડાવવામાં આવશે. જોકે કચ્છના ઇતિહાસમાં પ્રથમ વખત ભુજ અમદાવાદ વચ્ચે મેમુ ટ્રેન દોડશે.

---

## ભાજપ પ્રભારીઓ :

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા જુદા જુદા જિલ્લાઓ અને મહા નગરોના પ્રભારીઓની નિયુક્તિ કરવામાં આવી છે. કચ્છ જિલ્લાના પ્રભારીની જવાબદારી બનાસકાંઠાના ફલજીભાઈ ચૌધરીને સુપ્રત થઈ છે. જ્યારે માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેને રાજકોટ શહેર પ્રભારીની જવાબદારી સુપ્રત થઈ છે.

---

## હવામાન :

કચ્છ સહિત રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધવાની આગાહી વચ્ચે જિલ્લામાં મહત્તમ પારો એકથી બે ડિગ્રી ઉંચકાતા તાપનો પ્રભાવ વધ્યો હતો. આગામી ત્રણ દિવસ માટે કચ્છમાં તાપ અને ઉકળાટનો અનુભવ થાય અને મહત્તમ તાપમાન 40 ડિગ્રી નજીક પહોંચી શકે છે, તેવું પુર્વાનુમાન હવામાન વિભાગે વ્યકત કર્યું છે. ગઈકાલે કંડલા પોર્ટમાં 35.4 અને ભુજમાં 45 ડિગ્રી મહત્તમ તાપમાને ખાસ કરીને મધ્યાહ્ન સમયે ગરમીનો નોંધનીય અનુભવ થયો હતો.

---

## કચ્છમાં ૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો :

રાજ્ય સરકાર દ્વારા કચ્છના ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબદીલ કરવાની દરખાસ્તને મંજુરી કરાતા કચ્છમાં અબડાસામાં ડુમરા, ભુજના ગોરેવલી, રાપરના બાલાસર અને લખપતના બરંદા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હવે સામુહિક આરોગ્ય કેન્દ્ર તરીકે કાર્યરત થશે. વર્ષ ૨૦૨૬-૨૭ માં બજેટમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા દ્વારા રૂપયા ૨.૭૬ કરોડની જોગવાઈ કરાઈ છે. કચ્છના ગ્રામ્ય કક્ષાએ આ કેન્દ્રો મંજુર કરાતા હવે નાની મોટી બીમારીની સારવાર માટે દુર નઈ જવું પડે તે માટે સ્થાનિકો એ સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

---

## કચ્છમાં પ્રવાસીઓ :

શનિવાર રવિવાર સાથે હોળી – ધૂળેટીની રાજાઓને અનુલક્ષીને કચ્છમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

---